ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૫ | ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪, રવિવાર; પોષ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

મતદારો લોકશાહીના પ્રહરી છે : રાજ્યપાલ

ગાંધીનગર કલેક્ટર, ડે. મ્યુનિ. કમિશનર સહિતના ૧૩ અધિકારીઓનું સન્માન કરાયું : રાજ્યમાં ૫૦ ટકા યુવા મતદારો છે : અનિતા કરવાલ

ગાંધીનગર, તા. ૨૫

મતદારોની જાગૃતિ માટે ચૂંટણી પંચે અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે ત્યારે આપણે સૌ મતદાન કરી સહકાર દર્શાવી દેશની લોકશાહીને વધુ મજબુત બનાવીએ. ભારતની લોકશાહીમાં મતદારો લોકતંત્રના વાહક અને પ્રહરી છે તેમ રાજ્યના રાજ્યપાલશ્રી ડૉ. કમલાએ જણાવ્યું હતું.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગે બોલતાં ડૉ. કમલાએ જણાવ્યુ હતું કે લોકશાહી દેશ ભારતમાં ચૂંટણી પ્રક્રિયા લોકસંસ્કૃતિમાં જોતરાઈ ગઈ છે. યુવા મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ અને ઉત્સાહના પરિણામે આજે મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળે છે જે આનંદની વાત છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સૌને જાગૃત મતદાર તરીકેના શપથ પણ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે સન્માનનીય રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાએ જણાવ્યું હતું કે, આજે દેશભરમાં ચોથા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિન ભારતીય ચૂંટણી પંચનો સ્થાપના દિવસ છે. આ ઉજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા

અંગેની જાગૃતિ લાવવાનો છે. ચૂંટણી પંચ દ્વારા યુવા મતદારો સહિત તમામ મતદારોમાં તેમના મતાધિકાર અંગેની જાગૃતિ લાવવા માટે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. જેના પરિણામ સ્વરૂપે મતદારોની ચૂંટણીમાં ભાગીદારી સતત વધતી રહી છે.

આ પ્રસંગે વર્ષ ૨૦૧૩-૧૪ની મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, મતદારોમાં જાગૃતિ કેળવવામાં તેમજ ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણીલક્ષી સજ્જતા માટે જેઓની ચાવીરૂપ ભૂમિકા છે. તેવા શ્રેષ્ઠ અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી રૂપવત સિંઘ, ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપ, સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી બંછાનિધીપાની, તાપી જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી રંજીથકુમાર સહિત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

તે ઉપરાંત સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમ્યાન રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં યુવા મતદાર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવની વિવિધ સ્પર્ધાઓ જેવી કે, જિંગલ, મેસકોટ(પોસ્ટર), ફેલક્ષ/

● અનુસંધાન પાના - ૭ પર

પરેશ રાવલને પદ્મશ્રી એવોર્ડ

ગાંધીનગરના પલિયડ ગામના વતની અને જાણીતા ફિલ્મ અભિનેતા પરેશ રાવલને પદ્મશ્રીથી સન્માનિત કરાતા જિલ્લાભરમાં આનંદ

ગાંધીનગર જિલ્લાના પલિયડ ગામના વતની અને જાણીતા ફિલ્મ અભિનેતા શ્રી પરેશ રાવલને આજે ભારત સરકારે પદ્મશ્રીથી સન્માનિત કરવાનો નિર્ણય કર્યો છે. શ્રી પરેશ રાવલ ગાંધીનગર જિલ્લાના વતની છે અને

જિલ્લામાં પ્રથમવાર આ રાષ્ટ્રીય સન્માનથી કલાકારની કલાને સન્માનિત કરાતાં જિલ્લાના કલારસિકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. ભારત સરકારે આજે પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ૨૪ વ્યક્તિઓને પદ્મ વિભૂષણ અને ૧૦૧ વ્યક્તિઓને તેમના વિશિષ્ટ પ્રદાન માટે પદ્મશ્રીના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

ગુજરાતમાંથી ગુલામ મહમદ શેખ અને ધીરૂભાઈ ઠાકરને પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા છે જ્યારે પાંચ વ્યક્તિઓને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે. પદ્મશ્રી માટે પરેશ રાવલ ઉપરાંત શ્રી મથુરભાઈ સવાણી, ડૉ. કિરણ આચાર્ય, કિરણકુમાર, ડૉ. ગણેશ નારાયણદાસ, શ્રી હસમુખભાઈ શાહનો સમાવેશ થાય છે.

રાજ્યસભા માટે અડવાણી અને ફળદુની પસંદગી નિશ્ચિત મનાઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં રાજ્યસભાની ખાલી પડતી ચાર બેઠકો માટે



ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણી અને પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુની પસંદગી નિશ્ચિત મનાઈ રહી છે જ્યારે ત્રીજા ઉમેદવારની પસંદગી માટે સોમવારે નિર્ણય લેવાશે.

કોંગ્રેસ પક્ષને ફાળે આવતી એક બેઠક માટે પણ નેતાઓ વચ્ચે કશ્મકશ જંગ ચાલી રહ્યો છે. તીવ્ર ખેંચતાણને જોતાં કોંગ્રેસ પક્ષ પણ સોમવારે જ તેના ઉમેદવારોની જાહેરાત કરશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્યસભાની ખાલી પડતી ચાર બેઠકોની ચૂંટણી પર સૌની નજર મંડાયેલી છે. ભાજપના દિગ્ગજ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણી ગાંધીનગર લોકસભા બેઠકને બદલે રાજ્યસભાની ચૂંટણી લડવા માટે મનાવી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

જ્યારે બીજા ઉમેદવાર તરીકે પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુનું નામ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. ત્રીજા ઉમેદવારની પસંદગીને લઈ રાજકીય સસ્પેન્સ ઉભુ થવા પામ્યું છે. ત્રીજા ઉમેદવાર તરીકે નિર્મલા સીતારામન, મિનાક્ષી લેખીના નામો ચર્ચામાં છે. આ ઉપરાંત પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી અમીત શાહની પણ પસંદગી થઈ શકે છે તેવી શક્યતાના નિર્દેશો પક્ષમાંથી મળી રહ્યા છે. જો કે ભારતીય જનતા પક્ષે હજુ એક પણ ઉમેદવારની ગુજરાતની ૩ બેઠકો માટે સત્તાવાર ઘોષણા કરી નથી.

મંગળવારે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. બન્ને પક્ષો દ્વારા મંગળવારે જ ઉમેદવારી પત્રો ભરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ ચૂંટણીમાં અન્ય કોઈ ઉમેદવાર મેદાનમાં નહિ હોય તેમ મનાઈ રહ્યું છે.

વિશિષ્ટ કામગીરી બદલ પી.આઈ. પી.સી. વાલેરાને રાષ્ટ્રપતિ મેડલ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર પોલીસ અધિક્ષકની કચેરીમાં વાયરલેસ પી.આઈ. તરીકે ફરજ બજાવતા અધિકારી પી.સી. વાલેરાને ૨૬ જાન્યુઆરી માટે પોલીસ વિભાગમાં વિશિષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. પી.આઈ. પી.સી. વલેરા ૧૯૮૨માં પોલીસ ખાતામાં જોડાયા બાદથી તેમની વિશિષ્ટ કામગીરી બદલ ૧૬૨ ઈનામ મળ્યા છે. તથા રાજ્યપાલ તથા અન્ય અધિકારીઓ તરફથી ૧૧ પ્રશંસાપત્રો મળ્યા છે.

વાયરલેસની કામગીરી ઉપરાંત પી.આઈ. વાલેરાએ ગુજરાતના ધરતીકંપ તથા અંદાબાર નિકોબાર ખાતે સુનામી સમયે તેમજ અનેક કુદરતી આપત્તી સામે હેમ રેડિયોની કામગીરી પણ અગ્રેસર રહી છે. હાલમાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટમાં જિલ્લાના લાયઝન અધિકારી તરીકે સેવા આપી રહ્યા છે. બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર તેઓ પ્રથમ પોલીસ અધિકારી છે.

ગાંધીનગર સમાચાર અંકબંધ

આજે પ્રજાસત્તાક પર્વના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૨૭-૧-૨૦૧૪ને સોમવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક, અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.

- વ્યવસ્થાપક

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

REQUIRED

Property site નું માર્કેટીંગ કરી શકે તેવા અનુભવી વ્યક્તિ. નીચેના સરનામે સમય લઈને બાયોડેટા સાથે રૂબરૂ મળવું.

THE PROPERTY SHOP
203, Siddhraj Zavod, Nr. Sargasan Cross Road, S.G. Highway, Gandhinagar.
M. : 9824021135, 9624216888

જોઈએ છે

નિવૃત્ત M.B.B.S. ડોક્ટર

સદ્વિચાર પરિવારના ફરતા દવાખાના માટે.
ઉવારસદ આસપાસના ગામોમાં સવાર-સાંજ જવાનું રહેશે.

સંપર્ક: પ્રવીણ લહેરી: ૯૮૨૪૦૮૩૯૬૯

WORLD BIG Cinemas

R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Jai Ho (U/A) - 9.30, 10.30, 11.30 am, 12.30, 1.30, 3.30, 4.30, 5.30, 6.30, 7.30, 8.30, 9.30 & 10.30 pm
Yaariyan (U/A) - 2.30 pm
*schedule subject to change
telebooking 09377458281/09377458431 | www.bigcinemas.com | facebook.com/BigCinemasIndia

પ્રજાસત્તાક દિન નિમિત્તે આપણો ભારત શાંતિ - સલામતી તથા વિકાસના નવા શિખરો સર કરે તેવી શુભેચ્છા સહ....

જીતુભાઈ ઉપાધ્યાય
પ્રમુખ
ભારતીય જનતા પાર્ટી,
ઠાસરા તાલુકો

રંજનબેન જે. ઉપાધ્યાય
કારોબારી સભ્ય
તાલુકા પંચાયત, ઠાસરા
ભાજપ

સેવાલીયા, તા. ગળતેશ્વર, જિ. ખેડા

ગાંધીનગરમાં ધૂમ મચાવી રહેલુ શહેરનું સર્વશ્રેષ્ઠ મનોરંજન !!

રાજમહેલ સર્કસ

રોજ 3 શો ૧-૪-૭ વાગે

વિદેશી કલાકારો ના હેરતભર્યા પ્રયોગો આપના પરિવાર સાથે જુઓ.

ગ્રુપ અને સ્કુલ બુકીંગ માટે સંપર્ક કરો
Mobile: 9016515361

ટીકીટ દર : ૨૦૦/-, ૧૫૦/-૧૦૦/-, ૫૦/- એડ. બુકીંગ : ૨૦૦/- નું સવારે ૯ થી સાંજે ૭

સ્થળ: નવરાત્રી મેદાન, એસ.ટી.બસ સ્ટેન્ડસામે, ગાંધીનગર

Radiant Skin & Cosmetic Clinic
www.radiantskin.in

સ્વેતા મહેતા
પ્રોસ્ટ ગ્રેજ્યુએશન (કોસ્મેટીક ડર્મેટોલોજી) યુ.એસ.એ.

IPL, Laser, Chemical Peel, Dermapen, Mesotherapy, Microdermabrasion અને Photodynamic Therapy ની મદદથી

Laser Hair Removal, ખીલ, ખીલના ખાડા, કાળા ડાઘ, આંખના કુંડાળા, રૂક્ષ ત્વચા, કરચલી તથા સેન્સીટીવ સ્કીનની સારવાર

એપોઈન્ટમેન્ટ માટે : 9913987558, 079-23229873
પ્લોટ ૫૦૪/૧, સેક્ટર-૭/બી, ઘ-૨ અને સે.૨/૭ની વચ્ચે, ગાંધીનગર.
સમય : સોમ થી શનિ સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૯, રવિવારે : સવારે ૧૦ થી ૧

IndusInd Bank

સોના સામે લોન
આપનાં સ્વપ્ન પૂર્તિનો કુશળ ઉપાય

ઝડપી / સરળ / સુરક્ષિત / કોશલસભર

સંપર્ક કરો.

ગાંધીનગર બ્રાંચ
94290 67224 / 9099076074 / 9879275084

LED, LCD & Colour TV રીપેરીંગ

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

માહિતી અને પ્રસારણ મંત્રાલય
ભારત સરકાર

એકલા તો આ દેશ બન્યો નથી,
આપણે એકબીજાનો સાથ આપ્યો,
ત્યારે બન્યો આ ભારત.

આપણે સાથે મળીને આમ જ આગળ વધ્યા,
દેશની પ્રગતિના માર્ગે,
તો કેમ ન કહીએ, આપણે બધાએ
મળીને બનાવ્યું આ ભારત

davp 22202/13/0101/1314

૬૫ મો ગણતંત્ર દિવસ